ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા

# કચ્છ યુનિવર્સિટી

મુન્દ્રા રોડ, ભુજ-કચ્છ. ૩૭૦ ૦૦૧. ફોન નં.(૦૨૮૩૨) ૨૩૫૦૦૨ ફેકસઃ ૨૩૫૦૧૨

E-mail : info@kskvkachchhuniversity.org Web : kskvkachchhuniversity.org

રેફ.નં.: ક.યુ./E C.- Minuets (11) 23 rd Feb '12 /૨૦૧૧ -૧૨/ 445 to 3457 તા. ૧૭/૦૩/'૧૨

પ્રતિ,
એક્ઝિક્યુટીવ કાઉન્સિલના તમામ સભ્યશ્રીઓ તરફ...

**વિષય :** ગત તારીખ ૨૩મી ફેબ્રુઆરી '૨૦૧૨નાં રોજની એક્ઝિક્યુટીવ કાઉન્સિલની યોજાયેલ બેઠકની મિનિટ્સ નોંધ મોકલવા બાબત...

શ્રીમાન,

જય ભારત સાથ ઉપરોકત વિષયે જણાવવાનું કે, માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને **તારીખ ૨૩મી ફેબ્રુઆરી '૨૦૧૨ના** રોજ યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ દ્વિતિય એક્ઝિક્યુટીવ કાઉન્સિલની અગીયારમી બેઠકની મિનિટ્સ નોંધ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે જે ધ્યાને લેવા વિનંતી.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

B. S. Patel

I/c **કુલસચિવ**

**બિડાણ :** ઉપર મુજબ.
**નકલ સવિનય રવાના :** માનનીય કુલપતિશ્રીનાં કાર્યાલય તરફ.

# તારીખ ૨૩મી ફેબ્રુઆરી ૨૦૧૨નાં રોજ સવારે ૧૦ : ૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ દ્વિતિય એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓની અગિયારમી સભાની મિનિટ્સ નોંધ :

આજ રોજ તારીખ ૨૩મી ફેબ્રુઆરી ૨૦૧૨ને ગુરૂવારનાં સવારે ૧૦ : ૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે દ્વિતિય એક્ઝિક્યુટીવ કાઉન્સિલની અગિયારમી બેઠક માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ, આ સભામાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા. અધ્યક્ષશ્રી દ્વારા સૌ સભ્યશ્રીઓનાં આવકાર સાથે દિલ્હી સાહિત્ય અકાદમી દ્વારા રાષ્ટ્રીય કક્ષાનાં અનુવાદક તરીકેનો પારિતોષીક મેળવનાર સભ્યશ્રી ડૉ. દર્શનાબેન ધોળકિયા –પ્રોફેસર, ગુજરાતી ભાષા ભવનને અભિનંદન પાઠવતા આગળની કાર્યવાહીની શરૂઆત કરવામાં આવી.

| સભ્યશ્રીનું નામ. | હાજર / ગેરહાજર |
|---|---|
| ડૉ.શ્રી એસ.જી. યાદવ. –અધ્યક્ષશ્રી<br>માનનીય કુલપતિશ્રી, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ. | હાજર |
| ડાયરેકટર ઓફ હાયર એજયુકેશન,<br>ગુજરાત રાજય, ગાંધીનગર. –સભ્યશ્રી | ગેર હાજર |
| ડાયરેકટર ઓફ ટેકનિકલ એજયુકેશન,<br>ગુજરાત રાજય, ગાંધીનગર. –સભ્યશ્રી | ગેર રાજર |
| ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસ એન્ડ મેડિકલ એજયુકેશન,<br>ગુજરાત રાજય, ગાંધીનગર. –સભ્યશ્રી | ગેર હાજર |
| ડૉ.શ્રી બી.એસ.પટેલ. –સભ્યશ્રી<br>ડીનશ્રી, શિક્ષણ વિદ્યાશાખા, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ. | હાજર |
| ડૉ.શ્રી પી. એન.દવે. –સભ્યશ્રી<br>ડીનશ્રી, વિજ્ઞાન વિદ્યાશાખા, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ. | હાજર |
| શ્રી મુકેશભાઈ બી. ઝવેરી. –સભ્યશ્રી<br>મેનેજીંગ ટ્રસ્ટીશ્રી, કચ્છ વિદ્યા પ્રતિષ્ઠાન ટ્રસ્ટ, ભુજ. | હાજર |
| શ્રી જયંતભાઈ કે. માધાપરિયા. –સભ્યશ્રી<br>સભ્યશ્રી, કચ્છ જિલ્લા પંચાયત,માધાપર, તા. ભુજ. | હાજર |
| ડૉ. ડી.સી.ધોળકિયા. –સભ્યશ્રી<br>પ્રોફેસર, ગુજરાતી ભાષા ભવન, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ. | હાજર |
| ડૉ.શ્રી કે.એમ.ત્રિવેદી. –સભ્યશ્રી<br>પ્રોફેસર, સંસ્કૃત ભાષા ભવન, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ. | હાજર |
| ડૉ.શ્રી રાજેન્દ્ર એમ. શાહ. –સભ્યશ્રી<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિ, ગાંધીધામ–કચ્છ. | હાજર |
| શ્રી નવલસિંહ એમ. જાડેજા. –સભ્યશ્રી<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિ, ભુજ –કચ્છ. | હાજર |
| ડૉ.શ્રી બી.એસ.પટેલ. –મેમ્બર સેક્રેટરી<br>( આઈ.સી. કુલસચિવશ્રી, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ.) | હાજર |

**૧. ગત સભાની મિનિટ્સ નોંધનું વાંચન અને બહાલી :**

ગત તારીખ ૨૬મી નવે.૨૦૧૧ના રોજ મળેલ સભાની મિનિટ્સ નોંધના વાંચનની વિગતે નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

પાના નંબર : ૨ : પર ચાલુ..



Krantiguru Shyamji Krishna Verma Kachchh University BHUJ-Kachchh 370001

**ઠરાવ : ૧ :** ગત તારીખ ૨૯મી નવે. ૨૦૧૧ના રોજની સભાની મિનિટ્સ નોંધને સર્વાનુમતે બહાલી આપવામાં આવે છે.

**૨. યુનિવર્સિટી વહીવટી સ્ટાફ અન્વયે કરાર આધારિત પધ્ધતિ દ્વારા તદ્દ્ન હંગામી ધોરણે જુનિયર કલાર્ક તથા વાઉચર પધ્ધતિ દ્વારા પટ્ટાવળા ભરતી કરવા હાથ ધરાયેલ કામગીરી બાબત :**

યુનિવર્સિટીની વહીવટી કામગીરી સંદર્ભે વહીવટી સ્ટાફ અન્વયે કરાર આધારિત પધ્ધતિ દ્વારા તદ્દ્ન હંગામી ધોરણે ફિક્સ વેતનથી જુનીયર કલાર્ક તથા ફિક્સ વેતન દરે વાઉચર પધ્ધતિથી સેવકો(પટ્ટાવાળા)ની ભરતી કરવા માટે હાથ ધરાયેલ કાર્યવાહી બાદ જુનીયર કલાર્કની જગ્યા માટે ૧૫ ઉમેદવારોને કરાર આધારિત પધ્ધતિ દ્વારા તદ્દ્ન હંગામી ધોરણે છ માસ માટે ₹ ૭૦૦૦નાં ફિક્સ વેતનથી અપાયેલ નિમણૂંક અન્વયે કુલ ૧૩ ઉમેદવારો ફરજ પર હાજર થયેલ છે. સદર કામગીરીને બહાલ રાખવા અંગેની ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો.

**ઠરાવ : ૨ :** આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, વહીવટી સ્ટાફ અન્વયે કરાર આધારિત પધ્ધતિ દ્વારા તદ્દ્ન હંગામી ધોરણે ફિક્સ વેતનથી જુનીયર કલાર્ક તારીકે અપાયેલ નિમણૂંક કાર્યવાહીને આથી બહાલ રાખવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧. મહેતા પુજા એસ. | ૨. પરમાર સિધ્ધી ડી. | ૩. ગરવા મહેશ એમ. |
| ૪. દાફડા ધવલકુમાર વી. | ૫. વોરા યશભાઈ કે. | ૬. ઠકકર ગ્રિષ્મા ડી. |
| ૭.પરમાર જયપાલસિંહ એન. | ૮. માંગરીયા નરેશ ડી. | ૯. જાડેજા પૃથ્વીરાજ એમ. |
| ૧૦. ગણાત્રા નિશાંત વી. | ૧૧.બુધ્ધભટ્ટી ગૌરવ એસ. | ૧૨. જેઠી સુમન પી. |
| ૧૩. જોષી ધવલ પી. | ૧૪. ગોસ્વામી પુનમ એસ. | ૧૫. રાઠોડ જતિન એમ. |

**૩. યુનિવર્સિટીનાં ગુજરાતી અનુસ્નાતક ભવન દ્વારા યોજાયેલ બાળસાહિત્ય અંગેના એક દિવસીય સેમીનારનાં ખર્ચને મંજૂર રાખવા બાબત :**

યુનિવર્સિટી ખાતે ગત તારીખ ૨૭મી જાન્યુ. ૨૦૧૨નાં રોજ ગુજરાતી સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને ગુજરાતી અનુસ્નાતક ભવનનાં સંયુકત ઉપક્રમે યોજાયેલ બાળસાહિત્ય અંગેનાં એક દિવસીય સેમીનારનાં આયોજન ખર્ચની રકમ ₹ ૨૧,૬૩૦ મંજૂર રાખવા બાબતની ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો.

**ઠરાવ : ૩ :** આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, ગુજરાતી સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને ગુજરાતી અનુસ્નાતક ભવનનાં સંયુકત ઉપક્રમે બાળસાહિત્ય અંગેનાં એક દિવસીય સેમીનારનાં આયોજન અંગે થયેલ કુલ ખર્ચની રકમને બહાલ રાખવામાં આવે છે.

પના નંબર : ૩ : પર ચાલુ..

**૪. યુનિવર્સિટી દ્વારા થયેલ પરીક્ષા ફી વધારા અન્વયે પ્રેકટિકલ પરીક્ષા ફી પેટે નિયત થયેલ રકમ માંથી કોલેજને કોમ્પ્યુટર વિષય સંબંધિત ખર્ચ પેટે રકમ ફાળવવા બાબત :**

Krantiguru Shyamji Krishna Verma Kachchh University Bhuj

વિવિધ પરીક્ષા પધ્ધતિઓ અન્વયેની પરીક્ષા ફીની રકમનાં સુધારેલ અને શૈક્ષણિક વર્ષ ૨૦૧૧ – ૧૨થી અમલીકરાણમાં મૂકાયેલ દરો અંતર્ગત રેગ્યુલર સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો સંબંધે પ્રેકટિકલ પરીક્ષા માટે નિયત થયેલ પરીક્ષા ફીની રકમ વિદ્યાર્થી દીઠ ₹ ૧૫૦ કોલેજે યુનિવર્સિટીને ચૂકવવાપાત્ર થાય છે.

"કોમ્પ્યુટર સાયન્સ" ગૌણ વિષયની પ્રેકટિકલ પરીક્ષા અન્વયે ચૂકવવાપાત્ર થતી પ્રેકટિકલ પરીક્ષા ફીની રકમ માંથી વિદ્યાર્થી દીઠ ₹ ૫૦ કોલેજને સદર પરીક્ષાનાં આયોજન ખર્ચ પેટે ફાળવવા અંગેની ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો.

**<u>ઠરાવ : ૪ :</u> આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, ગત તારીખ ૨૪મી જુન ૨૦૧૧નાં મળેલ સભાનાં ઠરાવ ક્રમાંક : ૧૧ : દ્વારા રચાયેલ પરીક્ષા ફી વધારા સમિતિને સદર બાબત યોગ્ય કાર્યવાહી હાથ ધરી અહેવાલ રજૂ કરવા સુપ્રત કરવી, અહેવાલ ફેર વિચાણા અર્થે રજૂ કરવો.**

**૫. યુનિવર્સિટીનાં અર્થશાસ્ત્ર અનુસ્નાતક ભવનનાં અઘ્યક્ષ અને એસીસીયેટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતા ડૉ. શ્રી ટી.આર.હાથીની Sabbatical Leave અન્વયે થયેલ રજૂઆત બાબત :**

ડૉ.શ્રી ટી.આર.હાથી. –એસોસીયેટ પ્રોફેસર તથા અધ્યક્ષ અર્થશાસ્ત્ર ભવન દ્વારા તારીખ ૩૦મી ડિસે.૨૦૧૧નાં પત્ર દ્વારા તારીખ ૧લી એપ્રિલ ૨૦૧૨ થી તારીખ ૩૧મી માર્ચ ૨૦૧૩ સુધીની **Sabbatical Leave** મંજૂર કરવા અંગેની ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો.

**<u>ઠરાવ : ૫ :</u> આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, ડૉ.શ્રી ટી.આર.હાથી. –એસોસીયેટ પ્રોફેસરની Sabbatical Leave મંજૂર કરવી અને શૈક્ષણિક કાર્યને અસર ન થાય તે માટે વૈકલ્પીક વ્યવસ્થા ગોઠવવી. શૈક્ષણિક સ્ટાફની ઘટને ધ્યાને લેતાં, આગામી સમય સંદર્ભે આ પ્રકારની રજાઓ માટે એક થી વધુ રજૂઆતો મળ્યે એક સમયે એક જ રજૂઆત ગ્રાહ્ય રાખવી અને અનુક્રમતા સિનિયોરીટી તથા મેરીટને આધારે નકકી કરી આવી રજા મંજૂર કરવા કાર્યવાહી હાથ ધરવી.**

**૬. યુનિવર્સિટીની સ્થાવર તથા જંગમ મિલ્કતોની સાર સંભાળ માટે સિક્યૂરીટી સેવા તથા બિલ્ડીગોની સાફ સફાઈની કામગીરી માટે આપવામાં આવેલ વર્કઓર્ડરની સમયમર્યાદા પૂર્ણ થયેલ હોતા / થનાર હોતા સદર બાબતે આગળની કાર્યવાહી હાથ ધરવા બાબત :**

પના નંબર : ૪ : ૫૨ ચાલુ..

યુનિવર્સિટીની સ્થાવર તથા જંગમ મિલ્કતોની સંભાળ માટે સિક્યૂરીટી સેવાઓ મેળવવા ગત તારીખ ૧૮મી માર્ચ ૨૦૧૧નાં રોજ મળેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલની સભાનાં ઠરાવ ક્રમાંક : ૨ : દ્વારા નિયત થયેલ શરતો અને પધ્ધતિએ રાજપૂત સિક્યૂરીટી અમદાવાદની સેવા મેળવવા તારીખ ૧લી એપ્રિલ ૨૦૧૧થી એક વર્ષનો વર્કઓર્ડર અપાયેલ હતો જ્યારે ગત તારીખ ૧૦મી ફેબ્રુઆરી ૨૦૧૧નાં રોજની એક્ઝિક્યુટીવ કાઉન્સિલની સભાનાં ઠરાવ ક્રમાંક : ૨ : દ્વારા નિયત થયેલ શરતો અને પધ્ધતિએ સાંઈ એજન્સી, અંકલેશ્વરની સફાઈ કામગીરી સેવા મેળવવા માટે ગત તારીખ ૧લી માર્ચ ૨૦૧૧નાં રોજ વર્ક ઓર્ડર આપવામાં આવ્યા બાદ સંતોષકારક કામગીરી ન જણાતાં તારીખ ૧૬મી ઓગષ્ટ ૨૦૧૧નાં રોજની એક્ઝિક્યુટીવ કાઉન્સિલની સભાનાં ઠરાવ ક્રમાંક : ૩ : દ્વારા સદર વર્કઓર્ડર રદ્દ કરી અન્ય નીચા ભાવ ભરનાર પાર્ટી ઉત્કર્ષ કોર્પોરેટ સર્વિસ,વડોદરાને સદર કામગીરી ફાળવવામાં આવેલ હતી.

આ બન્ને સેવાઓનાં વર્કઓર્ડરની મુદ્દત અનુક્રમે માર્ચ ૨૦૧૨ અને ફેબ્રુઆરી ૨૦૧૨નાં રોજ પૂર્ણ થનાર છે. સંબંધિત બન્ને પાર્ટીઓ દ્વારા સદર સેવાઓ નિયત થયેલ શરતો અને દરે જ પૂરી પાડવા રજૂઆત કરવામાં આવેલ છે ત્યારે સદર સેવાઓ મેળવવા માટે મુદ્દત વધારવા અથવા ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવા અંગેની ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો.

**<u>ઠરાવ : ૬ :</u> આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીની સ્થાવર તથા જંગમ મિલ્કતોની સાર સંભાળ માટે સિક્યૂરીટી સેવા તથા બિલ્ડીગોની સાફ સફાઈ કામગીરીની સેવાઓ મેળવવા માટે, હાલે સંબંધિત સેવાઓ પૂરી પાડતી પાર્ટીઓ દ્વારા સંતોષકારક કામગીરી પૂરી પડાતી હોઈ તેમજ પ્રવર્તમાન શરતો તેમજ દરે જ સેવાઓ પૂરી પડવામાં આવશે તેવી રજૂઆતને ઘ્યાને લેતાં, સિક્યૂરીટી માટે રાજપૂત સિક્યૂરીટી અમદાવાદ જ્યારે સાફ સફાઈની કામગીરી માટે ઉત્કર્ષ કોર્પોરેટ સર્વિસ,વડોદરાને પ્રવર્તમાન કરારની શરતો અને દરે જ એક વર્ષ માટે કરાર આધારિત પધ્ધતિ દ્વારા કામગીરી ફાળવવી.**

**૭. યુનિવર્સિટી કેમ્પસ પર બાંધકામ સંબંધિત નાના મોટા કામો કરાવવા માટે S.O.R. મુજબ નિયત થયેલ દરો માન્ય રાખવા અંગેનાં નિર્ણય બાબત :**

યુનિવર્સિટી કેમ્પસનાં વિકાસ સાથે સાથે બાંધકામ સંબંધિત નાના મોટા કામો તાત્કાલીક કરાવવાની જરૂરિયાત રહે છે જે માટે ટેન્ડર પ્રક્રિયાની જટિલતાને કારણે સત્વરે વ્યવસ્થા ઉભી કરવામાં પડતી મુશ્કેલીઓ નિવાર માટે રાજ્ય સરકારનાં માર્ગ અને મકાન વિભાગ ( R & B Dept., Gujarat Govt.) દ્વારા દર વર્ષે નિયત કરવામાં આવતા અને જાહેર કરવામાં આવતાં દરો – Schedule Of Rates ને યુનિવર્સિટી માન્ય રાખે તે અંગે ચર્ચા વિચારણા અને નિર્ણય લેવા બાબત.

**<u>ઠરાવ : ૭ :</u> આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, નાના બાંધકામો માટે ત્રણ કોટેશન મંગાવી ન્યૂનતમ ભાવ વાળા કોટેશનને કામ સોંપવું.**

પના નંબર : ૫ : પર ચાલુ..



Krantiguru Shyamji Krishna Verma Kachchh University BHUJ-Kachchh 370001

८. **શૈક્ષણિક વર્ષ ૨૦૧૨–૧૩થી નવા જોડાણ તરીકે અભ્યાસક્રમો શરૂ કરવા માટેની કાર્યવાહી હાથ ધરવા બાબત :**

આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૧૨–૧૩થી નવા જોડાણ તરીકે વિવિધ અભ્યાસક્રમો શરૂ કરવા માટે નિયત નમૂનામા જોડાણ અરજીઓ મળેલ છે જે અનુસંધાને નવા જોડાણ આપવા સંબંધિત કાર્યવાહી હાથ ધરવા બાબતે ચર્ચા વિચારણાનાં અંતે નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

**ઠરાવ : ૮ :** **આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૧૨–૧૩થી નવા જોડાણ તરીકે અભ્યાસક્રમો શરૂ કરવા માટે મળેલ અરજીઓ અનુસંધાને નીડ કમિટીની નિમણૂંક કરવી. સદર કમિટીનાં સભ્યશ્રીઓ નીચે પ્રમાણે રહેશે.**

૧. **ડૉ. ડી.સી.ધોળકિયા.**
**એક્ઝિક્યુટીવ કાઉન્સિલનાં સભ્યશ્રી,**
**કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી, મુન્દ્રા રોડ,ભુજ–કચ્છ.**

૨. **શ્રી જયંતભાઈ કે. માધાપરિયા.**
**એક્ઝિક્યુટીવ કાઉન્સિલનાં સભ્યશ્રી,**
**કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી, મુન્દ્રા રોડ,ભુજ–કચ્છ.**

૩. **ડૉ.શ્રી રાજેન્દ્ર એમ. શાહ.**
**એક્ઝિક્યુટીવ કાઉન્સિલનાં સભ્યશ્રી,**
**કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી, મુન્દ્રા રોડ,ભુજ–કચ્છ.**

૯. **ગુજરાત સરકારશ્રીની જોડાણ મંજૂર કરવા સંબંધિત માર્ગદર્શક સૂચનાઓ અન્વયેના ઠરાવ મુજબ નિયત કરાયેલ ફિક્સ ડિપોઝીટની રકમ મૂકાવવા બાબત :**

ગુજરાત સરકારશ્રીનાં શિક્ષણ વિભાગનાં દ્વારા ઉચ્ચ અભ્યાસક્રમો ચલાવવા જોડાણ મંજૂર કરાવવા માટે માર્ગદર્શક સૂચનો ઠરાવ ક્રમાંક : યજન–૧૦૨૦૦૧–(૨૮)–ખ ૧ તા.૨૧/૧૨/૨૦૦૧ દ્વારા અમલીકરણમાં છે જેનાં ક્રમ ૨. (અ) (૩) અન્વયેની નિયત કરાયેલ ફિક્સ ડિપોઝીટની રકમ બાબતે અમલવારી કરાવવામાં આવે છે. જ્યારે ક્રમ ૨. (બ) (૯) અન્વયેની નિયત કરાયેલ ફિક્સ ડિપોઝીટની રકમ અમુક સંસ્થાઓ પાસેથી થાપણ તરીકે મૂકાવવાનું બાકી રહી ગયાનું જણાયેલ છે તથા ક્રમ ૨. (બ) (૧૦) અન્વયેની નિયત કરાયેલ ફિક્સ ડિપોઝીટની રકમ મૂકાયા છે કે કેમ તે અંગેનાં આધારો મેળવવાનાં રહે છે. સદર બાબતે કાર્યવાહી હાથ ધરવા બાબતે ચર્ચા વિચારણાનાં અંતે નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

પના નંબર : ૬ : પર ચાલુ..



Krantiguru Shyamji Krishna Verma Kachchh University BHUJ-Kachchh

**<u>ઠરાવ : ૯ :</u> આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીએ જોડાણ મંજૂર કરાવવા માટે ગુજરાત સરકારશ્રીનાં શિક્ષણ વિભાગના માર્ગદર્શક સૂચનો અમલ કરવાનો રહેતો હોઈ,સદર બાબતે પરિપત્ર અનુસાર ડિપોઝીટ મૂકાવવી.**

**૧૦. રાષ્ટ્રીય સ્વાભિમાન ટ્રસ્ટ,ન્યુ દિલ્હી સંચાલિત બાબા નાહરસિંહ ઈન્દ્રપ્રસ્થ મહાવિદ્યાલય, ઈન્દ્રપ્રસ્થ ખાતે ચાલતા બી.બી.એ. અને બી.સી.એ. અભ્યાસક્રમો બંધ કરવા થયેલ રજૂઆત બાબત :**

શૈક્ષણિક વર્ષ ૨૦૦૮–૦૯થી સ્વનિર્ભરતાનાં ધોરણે બી.બી.એ. અને બી.સી.એ. અભ્યાસક્રમો શરૂ કરવા માટે રાષ્ટ્રીય સ્વાભિમાન ટ્રસ્ટ, ન્યુ દિલ્હી સંચાલિત બાબા નાહરસિંહ ઈન્દ્રપ્રસ્થ મહાવિદ્યાલય, ઈન્દ્રપ્રસ્થને શિક્ષણ વિભાગ દ્વારા સૈધ્ધાંતિક પૂર્વમંજૂરી મળેલ હતી. જે અન્વયે બી.સી.એ. અભ્યાસક્રમ શરૂ કરાયેલ હતો. સદર અભ્યાસક્રમો ચલાવવા સંસ્થા આર્થિક રીતે સક્ષમ ન હોય તે બંધ કરી, મૂકાયેલ ફિક્સ ડિપોઝિટ પરત કરવા સંસ્થાએ પત્ર ક્રમાંક બી. એન. એસ./ ૨૦૧૨ / ૩૨૩૬ તા.૧૩/૨/'૧૨થી વિનંતી કરેલ હોતા તે અંગેની ચર્ચા વિચારણા બાદ નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

**<u>ઠરાવ : ૧૦ :</u> આથી ઠરાવવામાં આવે છે કે, સંબંધિત ટ્રસ્ટનાં મંડળ સાથે રૂબરૂ સુનવણી ગોઠવી વિગતો મેળવવી તથા આગળની યોગ્ય કાર્યવાહી કરવી.**

**૧૧. શૈક્ષણિક વર્ષ ૨૦૧૦–૧૧ માટે સંલગ્ન અભ્યાસક્રમો માટે મેળવવાપાત્ર જોડાણ માટે રાજય સરકારશ્રીને ભલામણ કરવા બાબત :**

શૈક્ષણિક વર્ષ ૨૦૧૦–૧૧ અન્વયે સંલગ્ન અભ્યાસક્રમો માટે નવુ, ચાલુ, ચાલુ / વધારાનું જોડાણ જાહેરનામા મેળવવા માટે રાજય સરકારશ્રીને દરખાસ્ત કરવા માટે કાર્યવાહી હાથ ધરવા અંગેની ચર્ચા વિચારણા બાદ નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

**<u>ઠરાવ : ૧૧ :</u> આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૧૦–૧૧ માટે સંલગ્ન અભ્યાસક્રમો માટે મેળવવાપાત્ર જોડાણ જાહેરનામા અન્વયે રાજય સરકારશ્રીને ભલામણ કરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવામાં આવે છે.**

**૧૨. શ્રી વાગડ સર્વોદય ટ્રસ્ટ, ભચાઉ દ્વારા પેરા મેડિકલ અભ્યાસક્રમ તરીકે સર્ટિફિકેટ કોર્ષ શરૂ કરવા થયેલ રજૂઆત બાબત :**

પના નંબર : ૭ : પર ચાલુ..



Krantiguru Shyamji Krishna Verma Kachchh University

શ્રી વાગડ સર્વોદય ટ્રસ્ટ,ભચાઉ દ્વારા પત્ર ક્રમાંક SVST/1876/11-12 તારીખ ૧૬/૨/'૧૨ થી શૈક્ષણિક વર્ષ ૨૦૧૧–૧૨થી હોસ્પીટલ આસિસટન્ટ અને નર્સીંગ આસિસટન્ટ જેવા સર્ટિફિકેટ કક્ષાનાં કોર્ષ પેરા મેડિકલ અભ્યાસક્રમો તરીકે શરૂ કરવા માટે થયેલ રજૂઆત અંગેની ચર્ચા વિચારણાં બાદ નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

**<u>ઠરાવ : ૧૨ :</u> આથી ઠરાવવામાં આવે છે કે, સર્ટિફિકેટ કક્ષાના અભ્યાસક્રમો શરૂ કરવા સંબંધે નિયત નમૂનામા અરજી રજૂ કર્યા બાદ કાર્યવાહી હાથ ધરવી.**

**૧૩. અધ્યક્ષ સ્થાનેથી જે રજૂ થાય તે...**

અધ્યક્ષ સ્થાનેથી કોઈ રજૂઆત થયેલ ન હતી.

અન્ય કોઈ મુદ્દો ઉપસ્થિત ન થતાં અધ્યક્ષશ્રીના આભાર સાથે સભા પૂર્ણ થયેલ જાહેર કરવામાં આવી...

B. S. Patel

ઇ/ચા.કુલસચિવશ્રી
કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી
ભુજ-કચ્છ.